Extra No. 312

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, AUGUST 25, 2025 / BHADRA 31, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખઃ ૧૭મી જૂન, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીવાય/૧૮/એચએફડબલ્યુડી/એમએસએમ/ઈ-ફાઈલ/૭/૨૦૨૪/૩૪૭૦/બી(ઈ).-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Staff Nurse, Class III, in the subordinate services of the Commissionerate of Health, Medical Services and Medical Education and Research / the Directorate of Medical Services, Employees' State Insurance Scheme, Gujarat State, Recruitment Rules, 2025.

આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન કમિશનરની કચેરી /
તબીબી સેવા નિયામક, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં,
સ્ટાફ નર્સ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી
જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જૂન, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીવાય/૧૮/એચએફડબલ્યુડી/એમએસએમ/ઈ-ફાઈલ/૭/૨૦૨૪/૩૪૭૦/બી(ઈ): ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન કમિશનરની કચેરી / તબીબી સેવા નિયામક, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સ્ટાફ નર્સ, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન કમિશનરની કચેરી / તબીબી સેવા નિયામક, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સ્ટાફ નર્સ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં, તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો સ્ટાફ નર્સ, વર્ગ ૩ એટલે આ નિયમો સાથે જોડેલા એનેક્ષરમાં સામેલ જગા.

૩. આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન કમિશનરની કચેરી / તબીબી સેવા નિયામક, કામદાર રાજ્ય વીમા યોજના-ની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સ્ટાફ નર્સ, વર્ગ ૩ની જગા પરની નિમણૂક, તે હેતુ માટે યોજેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કરવી જોઈશે.

૪. નિયમ-૩માં જણાવેલી જગાના હેતુ માટે યોજેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી; અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલ અથવા ભારતીય નર્સિંગ કાઉન્સિલ-એ માન્ય કરેલ બી.એસ.સી (નર્સિંગ)ની પદવી ધરાવતો હોવો જોઈશે;

અથવા

(૨) ગુજરાત નર્સિંગ કાઉન્સિલ અથવા ભારતીય નર્સિંગ કાઉન્સિલ-એ માન્ય કરેલી સંસ્થામાંથી મેળવેલો જનરલ નર્સિંગ મિડવાઈફરીમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. તે હેતુ માટે યોજેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯-કની જોગવાઈઓ લાગુ પડશે.

૬. તે હેતુ માટે યોજેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, જો આવી રીતે રજિસ્ટર થયેલો ન હોય, તો તે હેતુ માટે યોજેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે તેની નિમણૂકના સમયે, ગુજરાત નર્સ, મિડવાઈફ અને આરોગ્ય તપાસનીશ અધિનિયમ, ૧૯૬૮ હેઠળ ગુજરાત નર્સિંગ કાઉન્સિલ સાથે પોતાનું રજિસ્ટ્રેશન કરાવવું જોઈશે.

૭. તે હેતુ માટે યોજેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. તે હેતુ માટે યોજેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

૯. તે હેતુ માટે યોજેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલો ઉમેદવાર, એવી રીતે ફરમાવેલ હોય, તો ભારતની કોઈ સંરક્ષણ સેવા અથવા ભારતના સંરક્ષણ સાથે જોડાયેલી જગામાં તાલીમમાં પસાર કરેલી મુદત કોઈ હોય, તો તે સહિત ચાર વર્ષથી ઓછી ન હોય તેવી મુદત માટે સેવા બજાવવાને પાત્ર રહેશે:

પરંતુ ઉમેદવારે,-

(ક) તેની નિમણૂકની તારીખથી દસ વર્ષની મુદત પૂરી થયા પછી, ઉપર્યુક્ત પ્રમાણે સેવા બજાવવા ફરમાવવામાં આવશે નહિ, અને

(ખ) સામાન્ય રીતે પિસ્તાલીસ વર્ષની ઉમર થયા પછી, ઉપર્યુક્ત પ્રમાણે સેવા બજાવવા ફરમાવવામાં આવશે નહિ.

એનેક્ષર

(જુઓ નિયમ ૨)

અનુક્રમાંક	જગાનું નામ	વિભાગ / કચેરીના વડા
૧.	સ્ટાફ નર્સ, વર્ગ-૩	૧. અધિક નિયામક, તબીબી સેવાઓ. ૨. અધિક નિયામક, તબીબી શિક્ષણ અને સંશોધન. ૩. અધિક નિયામક, જાહેર આરોગ્ય. ૪. તબીબી સેવા નિયામક, કામદાર રાજ્ય વીમા યોજનાની કચેરી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જપન દવે,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.08.30 08:40:57 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar